**નવી બાબત ૨૦૨૪-૨૫**

**સુબેદાર રામજી આંબેડકર છાત્રાલય યોજના હેઠળ ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોમાં ૭૫૦ વિદ્યાર્થીઓના સંખ્યા વધારો કરવાની બાબત**

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/GHS/e-file/17/2023/3390/K,

સચિવાલય, ગાંધીનગર

તા.    /૦૩/૨૦૨૪

વંચાણમાં લીધા:

(૧) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૨૪/૧૧/૨૦૨૩નો પત્ર ક્રમાંક: અજાક/છતલ/ગ/૨૦૨૩/ ૫૦૩૪-૩૫

(૨) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૧૬/૦૨/૨૦૨૪નો નો પત્ર ક્રમાંક : અજાક/ગ/નવીબાબત/૨૦૨૩-૨૪/૭૫૫-૫૭

આમુખ:

રાજયમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટેસ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોની યોજના અમલમાં છે. ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને વિના મૂલ્યે રહેવાની અને જમવાની સગવડ આપવામાં આવે છે. રાજ્યમાં અનુ.જાતિના શિક્ષણનું પ્રમાણ વધે તેવા હેતુથી ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો કરવા નિયામકશ્રી(અ.જા.ક.)ના વંચાણે લીધેલ ક્રમાંક:(૧)ના પત્રથી ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોમાં ૭૫૦ સંખ્યા વધારો કરવા રૂ.૧.૬૨/- કરોડની વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં સમાવવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેનો વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ હતો. વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના તા.૧૬/૦૨/૨૦૨૪ પરના પત્રથી નિયામકશ્રી(અજાક) દ્વારા ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોમાં ૭૫૦ સંખ્યા વધારો કરવા રૂ.૧.૬૨/- કરોડનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા માટે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

કાળજીપૂર્વકની વિચારણાને અંતેસુબેદાર રામજી આંબેડકર છાત્રાલય યોજના હેઠળ ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોમાં ૭૫૦ વિદ્યાર્થીઓના સંખ્યા વધારો કરવાની બાબતની રૂ.૧.૬૨/- કરોડની નવી બાબતની દરખાસ્તને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાંકીય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ)એ રાખવાની રહેશે.

(૨) આ યોજનાનો અમલ નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ)ની કચેરી મારફતે કરવાનો રહેશે.

(૩) પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

(૪) ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૫) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણપત્ર (No Objection Certificate) મેળવ્યા પછી જ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/ કીટની ગુણવત્તા સુનિશ્ચિત કરવાની રહેશે.

(૬) નાણાંકિય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી જ આપવાની રહેશે.

(૭) આ યોજનાને DBT Portal ઉપર ફરજિયાત નોંધવાની રહેશે.

(૮) C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

(૯) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૦) Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજૂ કરવાનું રહેશે.

(૧૧) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.



eSign
Signed by: VASAVA DHARMISHTHABEN D
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 14-Mar-2024 (04:48 PM)
Open the document in Adobe Acrobat DC to verify the E-sign

(૧૨) કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.

(૧૩) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૪) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટને મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૫) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૧૬) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૭) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૮) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૯) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૦) સદર વહીવટી મંજૂરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક૯૫, મુખ્ય સદર-૨૨૨૫, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જન જાતિ અને અન્ય પછાતવર્ગો અને લઘુમતીઓના કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૧-અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ૨૭૭- શિક્ષણ, એસ.સી.ડબલ્યુ-૭ સુબેદાર રામજી આંબેડકર છાત્રાલય/ શ્રી જુગતરામ દવે આશ્રમશાળા યોજના અને બાંધકામ (ગ્રા.ઇ.એ.) હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૦૪/૦૩/૨૦૨૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

eSign
Signed by: VASAVA DHARMISHTHABEN D
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 14-Mar-2024 (04:48 PM)

(ધર્મિષ્ઠા વસાવા)

ઉપસચિવ

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

<u>નકલ રવાના:</u>

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.),સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી(અ.જા.ક.) મારફત)
- સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત) (નિયામકશ્રી(અ.જા.ક.)મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ.

સિલેક્ટ ફાઇલ-૨૦૨૪